PG DISSERTATION (SANSKRIT)

**“બાળકના વ્યક્તિત્વ ઘડતરમાં શ્રીમદ્ ભાગવતજીની ભૂમિકા (નિયત લીલાઓ અને પાત્રોના આધારે)”**

**સંશોધક: ક્રિષ્ના પ્રભાતભાઈ કોઠિવાલ**

**માર્ગદર્શક: ડૉ. ભૈરવી દીક્ષિત**

વિભાગ: PG અને P.G. ડિપ્લોમા અભ્યાસક્રમ (શિક્ષણ કેન્દ્ર),

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર

વર્ષ: 2021–2022

**સારાંશ**

આ સંશોધન કાર્ય શ્રીમદ્ ભાગવત મહાપુરાણના પસંદ કરેલા પ્રસંગો અને પાત્રોના આધારે બાળકના વ્યક્તિત્વ ઘડતરમાં તેનો તત્ત્વચિંતનાત્મક અભિગમ રજૂ કરે છે. ભાગવતજી માત્ર ધાર્મિક પઠન અથવા આસ્થા પર આધારિત ગ્રંથ નથી, પરંતુ તેમાં રહેલા પાત્રો, સંવાદો અને દિવ્ય લીલાઓ જીવનમૂલ્યોના બોધ, માનવીય સંબંધો, સમર્પણ, દયાભાવના અને આત્મ-ઉન્નતિના માર્ગદર્શક રૂપે કાર્ય કરે છે.

ભગવાન શ્રીકૃષ્ણની બાળલિલાઓ, ગોપીભાવ, ઉદ્ધવ સંવાદ, ધ્રુવ અને પ્રહલાદની ભક્તિકથાઓ સાથે ભીષ્મ પિતામહ જેવી ત્યાગમૂર્તિઓ બાળમનામાં દયાભાવ, નિર્ભયતા, શ્રદ્ધા, અનુકંપા અને પરમાત્મા સાથેના આત્મીય સંબંધની અનુભૂતિ ગાઢ બનાવે છે.

શાસ્ત્રીય અભિગમ મુજબ સંશોધનમાં ભાગવતના વિવિધ સ્કંધોમાંથી એવી ઘટનાઓ પસંદ કરવામાં આવી છે જેમાં સંસ્કાર, જીવનશૈલી અને મનોબળનું ઉત્તમ પ્રતીક પાત્રો અને સંવાદો તરીકે પ્રગટે છે. સંશોધકએ દર્શાવ્યું છે કે બાળકો પર વાર્તાના માધ્યમથી થતી અસરો માત્ર મનોરંજન પૂરતી નથી, પણ જીવનના મૂળભૂત મૂલ્યો, વ્યવહારિક ચતુરાઈ અને આધ્યાત્મિક ચિંતન તરફ દોરી જાય છે.

અહીં ‘સૃજનાત્મક ભક્તિ’, ‘જ્ઞાનપ્રેરિત જીવંત સંવાદ’, ‘જીવનશૈલીના પાઠ’, ‘સંસ્કાર આધારિત પાત્રો’ જેવા મૌલિક માળખાંએ સંશોધનને બળ આપ્યું છે. શ્રીમદ્ ભાગવતના પાત્રો વાર્તા-સાહિત્યની માધ્યમથી બાળકના આંતરિક ઘડતર માટે દર્પણરૂપ બની રહ્યા છે. શિક્ષણશાસ્ત્રની દૃષ્ટિએ ભાગવત એક સર્વાંગી સર્વાંગી માર્ગદર્શક ગ્રંથ છે – જેમાં શ્રવણ, મનન, ચિંતન અને આધ્યાત્મિક ઉન્નતિના તત્વો જોવા મળે છે.

અંતે, આ સંશોધન એવી દૃષ્ટિ આપે છે કે બાળકના ઘડતરમાં માત્ર આધુનિક શિક્ષણ પદ્ધતિઓ પૂરતી નથી, પરંતુ જીવનના ઉદ્ગત સ્તરે કાર્ય કરનારી ભારતીય ધાર્મિક અને તત્ત્વજ્ઞાનમય પાયાઓનું પણ મહત્ત્વ છે. શ્રીમદ્ ભાગવતજી, તેના પાત્રો અને સંવાદો એ સંસ્કારાત્મક, ભાવનાત્મક અને આધ્યાત્મિક શૈક્ષણિક સાધન તરીકે કાર્ય કરે છે, જે ભાવિ પેઢીના યોગ્ય ઘડતર માટે એક અમૂલ્ય વારસો છે.